## -: અધિસુચના :-

## ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬
## ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯
## સદારૂપ નગર રચના યોજના સુરત નં. ૨૧ (સરથાણા-સીમાડા) સુડા

હું નીચે સહી કરનાર નગર રચના અધિકારી, એકમ-૨, સુરત આથી તમામ હિત અને ધિત વ્યક્તિઓને જાણ કરું છું કે ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી નિર્માણ વિભાગના તા.૨૭/૦૪/૨૦૦૭ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/વી/૨૦૦૭નો ૭/ટીપીએસ-૧૪૦૬-૨૧૨૮-લથી મંજુર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. (સરથાણા-સીમાડા) સુડાને અંતિમ કરવા માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ ભાગની તા.૩૧/૭/૨૦૦૭ની અધિસુચના ક્રમાંકઃ જીએચ/વી/૨૦૦૭નો ૨૨૧/ટીપીવી-૨૦૦૭-૧૧-વથી નગર રચના અધિકારી, નગર રચના યોજના, કુલપાડા-કપાદ્રા યુનીટ, ત જે હવે નગર રચના અધિકારી, નગર રચના યોજના, એકમ-૨, સુરતની નગર આયોજન કારી તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. જેની પ્રસિધ્ધિ સરકારશ્રીના તા.૩/૮/૨૦૦૭ના સાધારણ રાજપત્રના PART IV-Bના પાના નં. ૨૪૩-૧ ઉપર થયેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૨૯-૧ પેટાનિયમ ની જોગવાઈ મુજબ આ નોટીશથી જાહેર કરૂં છું, કે આજરોજ તા.૦૮/૦૮/૨૦૦૮ને વારના રોજ ઉપરોક્ત નગર રચના યોજનાને અંતિમ કરવા માટે નગર રચના અધિકારી કેની કરજો સંભાળી લીધેલ છે.

<u>મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૨૧ (સરથાણા-સીમાડા) સુડા</u>

<u>હદ નિશાનઃ-</u>

ઉત્તરેઃ- મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૨૨ (સરથાણા-વાલક)ની હદ
દક્ષિણેઃ- મોજે સીમાડા ગામનો વિસ્તાર
પૂર્વેઃ- મોજે ખડસાદ-પીલોદરા ગામનો વિસ્તાર
પશ્ચિમેઃ- મોજે નાના વરાછા ગામનો વિસ્તાર

ઉપરોક્ત મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૨૧ (સરથાણા-સીમાડા) સુડામાં મોજે ામ સરથાણાના બ્લોક નં. ૪૧ થી ૪૮, ૧૦૬/પી/૧, ૧૦૬/પી/૨, ૧૦૭, ૧૦૮/પી, ૧૦૯/ ૧૧૦ થી ૧૧૮, ૧૧૯/પી/૧, ૧૧૯/પી/૨, ૧૨૦, ૧૨૧/એ/૧, ૧૨૧/એ/૨, ૧૨૧/બી/૧, ૧/બી/૨, ૧૨૧/સી, ૧૨૨, ૧૨૩/પી/૧, ૧૨૩/પી/૨, ૧૨૪ થી ૧૩૮, ૧૩૯/પી/૧, ૧૩૯/ , ૧૪૦ થી ૧૪૩, ૧૪૪/એ, ૧૪૪/બી, ૧૪૫/એ, ૧૪૫/બી, ૧૪૬, ૧૪૭, ૧૫૬/૧, ૦/પી/૧, ૧૬૦/પી/૨ તેમજ મોજે ગામ સીમાડાના બ્લોક નં. ૩૨, ૩૪ થી ૬૫નો સમાવેશ ામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ હેઠળ બનાવેલ નિયમોના મ ૨૬ના પેટા નિયમ-૩ની જોગવાઈઓ મુજબ આથી તમામ હિત ધરાવતી વ્યક્તિઓને વા ઉપરોક્ત નગર રચના યોજના સુરત નં. ૨૧ (સરથાણા-સીમાડા) સુડામાં સમાવિષ્ટ પણ બાબતથી અસર પામેલી વ્યક્તિઓને જાણ કરવામાં આવે છે કે તેઓ ગુજરાત નગર ના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ-૫૨માં જણાવેલી બાબતોના સંબંધમાં રાત રાજપત્રમાં આ અધિસુચન પ્રસિધ્ધ થયાથી ૨૦ (વીસ) દિવસની અંદર પોતાના ંઓ અને સુચનો હોય તે લેખિત રીતે મારી સમક્ષ રજુ કરવા.

ઉપરોક્ત નગર રચના યોજનાની દરખાસ્તથી જે જે વ્યક્તિઓની મિલ્કત અગર હક્ક કે ધરાવતી વ્યક્તિઓને નુકશાન થતું હોય તેવા નુકશાન બાબતે કોઈપણ વ્યક્તિ ગુજરાત ર રચના અને શહેરી વકિાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ-૮૨ અનુસાર નુકશાની માંગતા દાર હોય તો તેમણે પોતાની દાવાની વિગતો આ અધિસુચન પ્રસિધ્ધ થયાથી ૩ (ત્રણ) ની અંદર નીચે સહી કરનાર નગર રચના અધિકારીને જરૂરી દસ્તાવેજો અને પુરાવાઓ ત લેખિતમાં મોકલી આપવા.

સરકારશ્રીએ મંજુર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૨૧ (સરથાણા-સીમાડા) ની નકલ, જરૂરી તમામ દસ્તાવેજો, પત્રકો, નકશાઓ વિગેરે જોવા માટે રજાના દિવસો સિવાયના તમામ દિવસોએ કચેરીના સમય દરમ્યાન નગર રચના અધિકારીની કચેરીમાં ખુલ્લા મુકવામાં આવેલ છે. સદરહુ નગર રચના યોજનાની દરખાસ્તથી અસર પામેલ કોઈપણ વ્યક્તિઓને નીચે જણાવેલ કચેરીમાં યોજના જોવાની તથા યોજનાની દરખાસ્તો સમજાવવા ની જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે.

તા.૦૮/૦૮/૨૦૦૮ સુરત.

સરનામું: નગર રચના અધિકારીશ્રીની કચેરી,
નગર રચના યોજના, એકમ-૨, સુરત
...જા માળે, મ્યુનિસીપલ બિલ્ડીંગ,
...નજી શેરીના નાકે,
...ખપુરા મેઈન રોડ, સુરત

નગર રચના અધિકારી
નગર રચના યોજના, સુરત
નં.૨૧ (સરથાણા-સીમાડા)સુડા

માહિતી-સુરત-૩૪૬/૨૦૦૮